### આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત રાજ્યભરમા ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમમાં

# સ્થાનિક કલાકારો અને સેલેબ્રિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે

## આઝાદીની ગાથા અને સ્વર્ણિમ ગુજરાત અંગેનો મલ્ટીમિડીયા શો પણ રજૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૫
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતની આઝાદીના ૭૫ માં વર્ષ નિમિત્તે ૭૫ સપ્તાહની દેશવ્યાપી ઉજવણી અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ'નો પ્રારંભ ૧૨મી માર્ચ-૨૦૨૧થી પ્રારંભ કરાવ્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમા પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયભરમાં જન-જન સુધી રાષ્ટ્રભાવનાની ચેતનાને વધુ બળવત્તર બનાવવા ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયુ છે એમ રમત ગમત અને યુવા સાસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની યાદીમા જણાવાયુ છે.

રાજયસરકાર દ્વારા રાજયના તમામ ૩૩ જિલ્લાઓમાં જન-જન સુધી રાષ્ટ્રભાવનાની ચેતના જાગૃત થાય તે પ્રકારે આ ઉજવણીનું ભવ્ય આયોજન કર્યુ છે. જે અંતર્ગત રાજયમાં રાજ્યકક્ષાના ૧૫, જિલ્લાકક્ષાના ૨૦ અને તાલુકાકક્ષાના ૪૦ મળીને કુલ ૭૫ સ્થળોએ ૭૫ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે.આ તમામ કાર્યક્રમો ૨ થી ૩ કલાકની અવધિના રહેશે. દરેક કાર્યક્રમમાં સ્થાનિક કલાકારો/ સેલેબ્રિટી દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. ઉપરાંત, આઝાદીની ગાથા અને સ્વર્ણિમ ગુજરાત અંગેનો મલ્ટીમિડીયા શો રજૂ કરવામાં આવશે. લોકપ્રિય વક્તાઓ, જાણીતા સ્ત્રી-પુરુષ કલાકારો અને યુવા પ્રતિભાશાળી કલાકારોને પણ આમંત્રણ આપવામાં આવશે.

સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથો-સાથ સ્થાનિક કલાકારો, સ્થાનિક કલા, સ્થાનિક વાનગીઓ તથા ખાદી વગેરેને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. જિલ્લા વહીવટીતંત્ર, નગરપાલિકા/મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, પ્રવાસન વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને માહિતી વિભાગ દ્વારા સંકલનમાં રહીને આ કાર્યક્રમોનું આયોજન કરાશે.

આ ઉજવણીના ભાગરૂપે ભારતની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રગતિના વિવિધ પાસાઓ ઉજાગર થાય તે પ્રકારના કાર્યક્રમો સમગ્ર દેશમાં યોજાઈ રહ્યા છે.નવી પેઢી સ્વતંત્રતા સંગ્રામના અનેક નામી-અનામી નાયકોના જીવનથી અને તેમણે કરેલા સંઘર્ષથી પરિચિત થાય તેમજ દેશની આઝાદી કેટલી મહામૂલી છે તે અંગેની જાગૃતિ કેળવાય તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન પણ થઈ રહ્યું છે.આ ઉજવણીની પૂર્ણાહુતિ આગામી તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ થશે.



ક્રિસમસની ઉજવણી શહેરમાં ઉલ્લાસભેર થઈ રહી છે. ઠેર ઠેર રોશની કરવામાં આવી છે. રોશનીના કારણે ચર્ચ અને જાહેરસ્થળો ઝગમગી ઉઠયા છે. ચર્ચમાં વિશેષ પ્રાર્થનાઓનું આયોજન થઈ રહ્યું છે. સેકટર-૮ અને સેકટર-૨ ૩ના ચર્ચમાં નાતાલની વિશેષ ઉજવણી થઈ રહી છે.

# રાયપુર કેનાલમાં ડૂબેલા ચાર યુવાનોના મૃતદેહ મળી આવ્યાં

**ત્રણ યુવાનોના મૃતદેહ જાસપુર અને એક યુવાનનો મૃતદેહ કરણનગર કેનાલમાંથી મળ્યો : પોલીસે ચારેયના મૃતદેહ પોસ્ટમાર્ટ માટે મોકલ્યા**

ગાંધીનગરના દહેગામ-નરોડા રોડ પરની રાયપુર નર્મદા કેનાલ ખાતે સેલ્ફી લેવાના પ્રયાસમાં ડૂબી ગયેલા અમદાવાદના ચાર યુવાનોની લાશ આજે ત્રણ દિવસ પછી જાસપુર-કરણનગર પાસેની કેનાલમાંથી મળી આવી છે. આ ત્રણેય યુવાનોના ડુબી જવાની ઘટના ડભોડા પોલીસ સ્ટેશનની હદમાં નોંધાઈ હતી જયારે યુવાનોની લાશ આજે સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી મળી આવી છે. પોલીસ દ્વારા યુવાનોની લાશને પોસ્ટમાર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

દહેગામ-નરોડા રોડ પર રાયપુર ખાતેની નર્મદા કેનાલ પર અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા પાંચ મિત્રો એક મિત્રનો જન્મદિવસ ઉજવવા બુધવારે એકઠાં થયા હતા. આ પાંચ યુવાનો પૈકી એક યુવાનનો સેલ્ફી લેવાના ચકકરમાં પગ લપસતાં કેનાલમાં પડી ગયો હતો જેને બચાવવાના પ્રયાસમાં વધુ ત્રણ મિત્રો પણ પાણીમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. બુધવારના દિવસથી ફાયરબ્રિગેડ સહિત ગ્રામીણ વિસ્તારના તરવૈયાંઓની અથાગ મહેનત છતાં આ યુવાનોના મૃતદેહો હાથ લાગ્યા નહોતા જે આજે ત્રણ દિવસે જાસપુર-કરણનગર નર્મદા કેનાલ ખાતેથી મળી આવ્યા હતા. આ કરૂણ ઘટનામાં જયદીપ સબવાણીયા, નિકુંજ સગર તથા સાહિલ પટેલના મૃતદેહ જાસપુર ખાતેથી જયારે સ્મિત પટેલનો મૃતદેહ કરણનગર પાસેની કેનાલ ખાતેથી મળી આવ્યો હતો. પોલીસે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા હતા અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ભૂતિયા કાર્ડ નાબૂદ કરવા અને અનાજની ચોરી અટકાવવા સરકાર રાશન એપ્લિકેશન શરૂ કરશે

**રેશનિંગની દુકાનોના સંચાલકોનું કમિશન પણ વધશે અને ગરીબ પરિવારો હવે રાશનની દુકાનેથી સિંગતેલ, મગ અને ચણાની દાળ ખરીદી શકશે**

ગાંધીનગર
ગુજરાત સરકાર રેશનીંગની દુકાનોએથી અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓ મેળવતા ગરીબ પરિવારોને ફાયદો થાય તેવી એક રાશન એપ્લિકેશન બનાવવા જઈ રહી છે. આ એપ્લિકેશનની મદદથી ભૂતિયા કાર્ડ પર રાશન લેતાં વચેટીયા દૂર થશે અને ગરીબોના નામે લીધેલું સસ્તુ અનાજ નફાખોરીથી બજારમાં જતું અટકાવી શકાશે.

રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું હતું કે જે ગરીબ પરિવારોએ અનાજ લીધું ન હોય અને તેમના નામે ખુલ્લા બજારમાં વેચી દેવામાં આવે છે તેવી પ્રવૃત્તિ આ એપ્લિકેશનથી બંધ થશે. પ્રત્યેક રાશનકાર્ડ ધારકનો ડેટા આ એપ્લિકેશનમાં ફીડ કરવામાં આવ્યો હશે. ખુદ ગ્રાહક તેની એપ્લિકેશનમાં જોઈ શકશે અને તેમના નામે બીજા કોઈએ અનાજ કે કરિયાણું લીધું હશે તો તે પકડી શકાશે.

ઘણી વખત અનાજની ગુણવત્તા બાબતે પ્રશ્ન ઉભા થાય છે. હવે ગ્રાહક એપ્લિકેશનની મદદથી સીધી ફરિયાદ પણ કરી શકશે. એટલું જ નહીં દુકાનદારોના વ્યવહાર અને વિતરણ વ્યવસ્થા અંગે રેટીંગ પણ આપી શકશે. આ એપ્લિકેશનનું લોન્ચિંગ ૨૪મી ડિસેમ્બરે થાય તેવી સંભાવના છે.

### રાશન સંચાલકોનું કમિશન વધશે....

ગુજરાતમાં ૧૭૦૨૪ કરતાં વધુ સસ્તા અનાજની દુકાનો આવેલી છે. આ સંચાલકોની વર્ષોથી એવી માગણી રહી છે કે તેમનું કમિશન વધારવામાં આવે. હવે સરકારે આ સંચાલકોના કમિશન વધારવાનો પણ નિર્ણય લીધો છે. અત્યાર સુધી એક ક્વિન્ટલ અનાજમાં ૧૦૮ રૂપિયા કમિશન આપવામાં આવતું હતું જે વધારીને ૧૫૦ રૂપિયા કરવાનો સરકારનો ઈરાદો છે. આગામી જાન્યુઆરી ૨૦૨૨થી સસ્તા અનાજની દુકાનોના સંચાલકોને કમિશનનો વધારો આપવામાં આવશે.

### રાશનમાં હવે સિંગતેલનો ઉમેરો...

સસ્તા અનાજની દુકાનોએથી અત્યાર સુધી ગરીબ પરિવારોને કપાસિયા અને પામોલીન તેલ આપવામાં આવતું હતું પરંતુ હવે આ પરિવારોને સસ્તુ સિંગતેલ પણ મળશે. રેશનીંગ કાર્ડથી ગરીબ પરિવારો અન્ય ખાદ્યતેલની સાથે સિંગતેલ પણ મેળવી શકશે. આ સાથે રાશનમાં હવે મગ અને ચણાની દાળ પણ આપવામાં આવનાર છે. ટૂંકસમયમાં આ ફેરફારની જાહેરાત થવા સંભવ છે.

ગુજરાતમાં એએવાય યોજના હેઠળ ૮૧૨૭૧૨ પરિવારો છે જેની વસતી ૩૬.૬૦ લાખ છે. બીપીએલ યોજનામાં ૨૫૩૬૧૧૫ પરિવારો છે જેની વસતી ૧.૩૪ કરોડ છે. એપીએલ-૧માં ૩૭૫૧૮૪૦ પરિવારો છે જેની વસતી ૧.૭૩ કરોડ છે જ્યારે એપીએલ-૨માં ૪૨૦૪ પરિવારો છે જેની વસતી ૧૯૦૦૦ છે. આમ કુલ ૭૧૦૪૯૭૧ પરિવારોની ૩.૪૫ કરોડ વસતીને રાશનનું અનાજ અને કરિયાણું આપવામાં આવે છે.

## ખૂણેખાંચરેથી

- કલોલ શહેર ભાજપ સંગઠનના બે દિવસીય પ્રશિક્ષણ વર્ગનો બિલેશ્વર પુરા ગામે શરૂ થયો છે.
- ૨૯મી ડિસેમ્બરના રોજ ગાંધીનગરમાં ઈન્દ્રોડા પાર્ક અને સંત સરોવર ખાતે નદી દિવસની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.
- ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ રમેશભાઈ તન્નાને હરિન્દ્ર દવે એવૉર્ડથી આજે એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં રામાયણી સંત મોરારિ બાપુના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા છે.
- આજે રૂપાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુજરાત રાજય બિન અનામત વર્ગના ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ પંડ્યા સાયકલોથોનનો આરંભ કરાવશે.
- પૂર્વ વડા પ્રધાન અટલજીની જન્મજયંતિ નિમિત્તો સે.૨૧ ખાતે આવેલ કમલમ્ કાર્યાલય ખાતે શહેર ભાજપ દ્વારા પુષ્પાંજલિ અપાઈ હતી.
- આજથી શરૂ થયેલ સુશાસન સપ્તાહના પ્રથમ દિવસે શહેર ભાજપ દ્વારા ૧૧ વૉર્ડમાં નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરના ઈલેકટ્રોનિક બસ ૧૫ દિવસ મોડી મળશે તેમ જાણવા મળેલ છે. જોકે વાયબ્રન્ટ પૂર્વે આવી જશે તેમ મનાઈ રહ્યું છે.
- ગાંધીનગર શહેરમાં હાલ ચાલી રહેલ વિવિધ વિકાસ કામોને લઈ શહેરભરમાં ખોદકામ, રિસરફેસીંગ સહિતના કામોથી આંતરિક વાહન વ્યવહાર અસ્ત - વ્યસ્ત થયો છે.

# ગાંધીનગરના આલમપુર ખાતે ૧૧ કરોડના ખર્ચે નવું રાજપૂત સમાજ બનશે

**આગામી મંગળવારે પ્રસ્તાવિત સ્થળે રાજપૂત સમાજના સ્નેહમિલન સાથે ભવ્ય ડાયરાનું આયોજન : સાંસ્કૃતિક ભવન સાથે રાજપૂત સમાજના દિકરા દિકરીઓ માટે અલગ અલગ હોસ્ટેલ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તાલીમ કેન્દ્ર અને અદ્યતન સગવડો સાથેનું વાંચનાલયનું પણ નિર્માણ કરાશે**

ગાંધીનગર તા.૨૫
ગાંધીનગરના ચિલોડા માર્ગ પર આલમપુર ખાતે રૂ.૧૧ કરોડના ખર્ચે સાતેક વિઘા જમીનમાં રાજપૂત સમાજનું વિશાળ સંકુલ આકાર પામશે જેમાં રાજપૂત સમાજના દિકરા દિકરીઓ માટે અલગ અલગ હોસ્ટેલ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તાલીમ કેન્દ્ર, અદ્યતન સગવડો સાથેનું વાંચનાલય તેમજ રાજપૂત સંસ્કૃતિ ને નવી પેઢી સમક્ષ ઉજાગર કરતું સાંસ્કૃતિક ભવન નિર્માણ પામશે.

આજે ગાંધીનગર જિલ્લા રાજપુત સમાજના પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણાએ આ અંગે માહિતી આપતા જણાવ્યુ હતુ કે "નવા રાજપૂત સમાજ ભવનનું નિર્માણ અંદાજે બે વર્ષમાં પૂરું કરી દેવામાં આવશે અને આ સમાજ ભવન ગાંધીનગર શહેર તથા



જિલ્લાના રાજપૂત સમાજ માટે સમય સાથે કદમ મિલાવી પ્રગતિના પંથે નવી કેડી કંડારશે. આગામી તા.૨૮મી ડિસેમ્બર મંગળવારે સાંજે ૪ કલાકે સમાજ ભવનની પ્રસ્તાવિત જગ્યા પર રાજપૂત સમાજના સ્નેહમિલન કાર્યક્રમ સાથે સુપ્રસિદ્ધ લોક કલાકાર રાજભા ગઢવીનો ભવ્ય ડાયરો યોજાશે જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન ગાંધીનગર જીલ્લા રાજપુત સમાજ, ગાંધીનગર શહેર રાજપૂત સમાજ, સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ તેમજ રાજપૂત કેળવણી મંડળ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. નવા રાજપૂત સમાજ ભવન ખાતે સમાજના સમૂહલગ્નોત્સવ, યુવા પસંદગી મેળો અને અન્ય સામાજિક ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવાની વ્યવસ્થા સાથે વિશાળ સાંસ્કૃતિક ભવન નિર્માણ પામશે આ સાંસ્કૃતિક ભવનમાં યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ કેન્દ્ર, પરીક્ષાની તૈયારીઓ માટે અદ્યતન સુવિધાઓ સાથેનું પુસ્તકાલય-વાંચનાલય, રાજપૂત સમાજના ૨૫૦ દીકરા અને ૨૫૦ દીકરીઓ રહી શકે તેવી અલગ અલગ સુવિધાજનક હોસ્ટેલ અને ટેકનિકલ અભ્યાસક્રમો માટેનો અત્યાધુનિક કેમ્પસનું નિર્માણ કરવામાં આવશે.



## શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજ ઓફ નર્સિંગમાં સર્ટીફાઈડ ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો

શંકરસિહ વાઘેલા બાપુ કોલેજ ઓફ નર્સિંગ વિભાગમાં સર્ટીફાઈડ ટેર્નિંગ પ્રોગામ ઓફ બેજિક લાઈફ સપોર્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રોગામમાં HCG હોસ્પિટલની ટીમ દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ ટેર્નિંગ તૃતીય વર્ષ બી.એસ.સી. નર્સિંગ તેમજ દ્વિતીય વર્ષ એ.એન.એમ.ના વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવ્યો હતો. આ પ્રોગામમાં કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ રસપુર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગ નિમિતે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તથા ડાયરેકટર પ્રો.રવિકુમાર તેમજ નર્સિંગના પ્રિન્સિપાલ ભૂમિબેન રાવલે સર્વે વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતાં.


